124 પોલીસ અને સતત 84 કલાક ઓપરેશન, આખરે અપહૃત બાળકી મુક્ત

બાળકીને જોઈ લોકો ભોજન અને નાણાં આપવામાં સહાનુભૂતિ દાખવતા હોવાની વાતને ધ્યાને લઈ અપહરણ કરવામાં આવ્યું હતું

ઓપરેશન મુસ્કાન: 5 PI, 9 PSI, 110 કર્મચારી કામે લાગ્યા હતા

અપહૃત બાળકીને શોધવા અમરોલી અને ક્રાઇમ બ્રાંચની અલગ અલગ ટીમો બનાવવામાં આવી હતી, જેમાં પાંચ પોલીસ ઇન્સ્પેક્ટર, નવ પોલીસ સબ ઇન્સ્પેક્ટર અને 110 કર્મચારીનો સમાવેશ થાય છે. આ ટીમે સતત નોનસ્ટોપ 84 કલાકની મહેનતના અંતે બાળકીને હેમખેમ મુક્ત કરાવવામાં સફળતા મેળવી હતી.

સુરતઃ છાપરાભાઠાના તાપી કિનારે રહેતા શ્રમિક પરિવારની અપહૃત ચાર વર્ષિય પુત્રીને આખરે પોલીસે શોધી કાઢી હતી.

છાપરાભાઠા તાપી તટે રહેતી ચાર વર્ષની બાળકી તેની માતા સાથે રહેતી હતી. જે તાપી કિનારે રમ્યા કરતી હતી અને ગુમ થઈ ગઈ હતી.

આ અંગે પોલીસે તપાસ આરંભી તો અપહરણકાર પપ્પુ સીનિયા ખડિયા (ઉં.વ.30) (રહે., છાપરાભાઠા, મૂળ રહે., કાળી તળાઈ, જિ.દાહોદ) સીધો સાયણ ગયો હતો. ત્યાંથી ક્યાં જતો રહ્યો? એ જાણવા પોલીસને નાકે દમ આવી ગયો. આખરે અમરોલી અને ક્રાઇમ બ્રાંચની અલગ અલગ ટીમો બનાવી તપાસનો વ્યાપ વધાર્યો હતો. ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર અને રાજસ્થાનનાં 43થી વધુ રેલ-વે સ્ટેશન પર તપાસ કરી. જ્યાં આર.પી.એફ., રેલ-વેના કર્મચારીઓ, કુલીઓ, રિક્ષા એસોસિએશન અને ફૂડ વેચનારા મળી કુલ 1,000 જેટલા લોકોને આ બાળકીનો તેમજ અપહરણકારનો ફોટો બતાવી જાણકારી મેળવવા પ્રયાસ કર્યો હતો

એ સાથે જ જાણકારી મળે તો જાણ કરવા માટે એક મોબાઇલ નંબર પણ આપવામાં આવ્યો હતો, જેમાંથી એક જાગૃત નાગરિકનો તા.6-4-26ના રોજ સવારે સાત વાગ્યે ફોન આવ્યો કે આ યુવાન અમદાવાદના નારોલ વિસ્તારમાં જોવા મળ્યો છે. એ સાથે જ પોલીસની ટીમ તુરંત ત્યાં પહોંચી હતી અને તેને દબોચી લીધો હતો. અપહરણ કનાર પપ્પુ ખડિયાને બે પુત્ર હતા. પુત્રી ન હતી. સાડા આઠ વર્ષના આ બંને પુત્રોને લઈ તે લોકો પાસે માંગવા જાય તો સહાનુભૂતિ ઓછી બતાવે, જો બાળકી હોય તો વધુ લાભ થાય એ વાતને ધ્યાને લઈ તેણે અપહરણ કર્યું હતું. આ બાળકી પપ્પુના બંને પુત્ર સાથે કાયમ રમતી હતી. જેથી ત્રણેય વચ્ચે દોસ્તી હતી. પરિણામે પપ્પુને અપહરણ કરવામાં કે સાથે રાખવામાં કોઈ તકલીફ પડી ન હતી.

વરાછામાં ઘર કંકાસમાં મહિલાએ તાપી નદીમાં પડતું મૂક્યું

સુરતઃ વરાછામાં ઘર કંકાસમાં મહિલાએ તાપી નદીમાં પડતું મુકીને આત્મહત્યા કરી લીધી હતી. મૂળ અમદાવાદ ધંધુકાના વતની શૈલેષભાઈ બારૈયા હાલ વરાછા વિસ્તારમાં આવેલી આદર્શ સોસાયટીમાં પત્ની તેમજ બે પુત્ર સાથે રહે છે. શૈલેષભાઈ રત્નકલાકાર તરીકે નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેની 42 વર્ષીય પત્ની આશાબેન ઉર્ફે લાભુબેને કાલે રાત્રે તાપી નદીમાં પડતું મુક્યું હતું. બનાવને પગલે પરિવારે આશાબેનની શોધખોળ હાથ ધરી હતી. પરંતુ તે મળ્યા ન હતા. દરમિયાન આજે સવારે મોટા વરાછા તાપી નદીના બ્રિજ નીચેથી તેમનો મૃતદેહ દેખાઈ આવ્યો હતો. જેથી સ્થાનિકોએ ફાયર વિભાગને જાણ કરી હતી. તેથી ફાયરની ટીમે આશાબેનનો મૃતદેહ કાઢીને પોલીસને સોંપ્યો હતો. કાપોદ્રા પોલીસની તપાસમાં આશાબેને ઘર કંકાસમાં આપઘાતનું પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું હતું.

લસકાણામાં ઊંઘમાં પાંચમાં માળેથી પટકાતાં યુવકનું મોત

સુરતઃ મૂળ ઉત્તરપ્રદેશના વતની અને હાલ લસકાણા મારુતિ ઇન્ડસ્ટ્રિયલમાં આવેલા એક એમ્બ્રોઇડરીના કારખાનામાં 23 વર્ષીય શોભિતકુમાર રમેશ નિશાદ રહેતો હતો અને ત્યાં જ ખાતામાં નોકરી કરતો હતો. કાલે રાત્રે ખાતાના પાંચમા માળે ખુલ્લી જગ્યામાં શોભિતકુમાર સૂતો હતો. ઊંઘમાં લઘુશંકા કરવા ગયો ત્યારે અકસ્માતે નીચે પટકાતા તેનું ગંભીર ઈજાને પગલે ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું.

ડિંડોલીમાં પત્નીના વિરહમાં યુવકે ફાંસો ખાધો

સુરતઃ અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના વતની અતુલભાઈ લાલજીભાઈ પટેલ (ઉં.વ.34) હાલ ડિંડોલી વિસ્તારમાં આવેલા અંબિકા રેસિડેન્સીમાં બે સંતાન સહિતના પરિવાર સાથે રહેતો હતો. તે છૂટક મજૂરી કરતો હતો. અતુલભાઈની પત્નીનું બે વર્ષ પહેલાં અવસાન થયું હતું. જેના વિરહમાં આવીને અતુલભાઈએ સોમવારે બપોરે ઘરમાં લોખંડના હુક સાથે દોરી બાંધીને ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી.

ખજોદની આગ BJPને દઝાડશે? 'નો વોટ, નો એન્ટ્રી'ની ચીમકી

આગમ હાઈટ્સ અને સનફ્લાવર જેવી સોસાયટીના રહીશોની ચૂંટણી બહિષ્કારની ચીમકી, ઘરમાં પણ માસ્ક પહેરીને રહેવા મજબૂર

સુરતઃ સુરત મનપા સ્વચ્છતા સર્વેક્ષણમાં એવોર્ડ મેળવે છે, પરંતુ ખજોદ વિસ્તારની હકીકત ચિંતાજનક બની છે. છેલ્લા 10 દિવસથી ખજોદ ડમ્પિંગ સાઇટમાં લાગેલી આગને કારણે આસપાસના વિસ્તારોમાં ઘેરો ધુમાડો ફેલાયો છે, જેના કારણે હજારો લોકોનાં સ્વાસ્થ્ય પર અસર પડી રહી છે. સરસાણા વિસ્તારની આગમ હાઈટ્સ અને સનફ્લાવર જેવી સોસાયટીના રહેવાસીઓ હવે ઘરમાં પણ માસ્ક પહેરીને રહેવા મજબૂર બન્યા છે. રહેવાસીઓના જણાવ્યા મુજબ ધુમાડાના કારણે શ્વાસ લેવામાં તકલીફ વધી રહી છે અને બારીઓ ખોલવી પણ મુશ્કેલ બની છે. સિનિયર સિટિઝન સહિત અનેક લોકો આરોગ્ય સંબંધી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. ચૂંટણીનો માહોલ વચ્ચે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આગમ હાઈટ્સ સોસાયટીના લગભગ 2000 મતદાર દ્વારા 'નો વોટ, નો એન્ટ્રી'નો નિર્ણય લેવામાં આવ્યો છે. રહીશોએ ચીમકી આપી છે કે જો તાત્કાલિક આગ પર કાબૂ નહીં મેળવો અને કાયમી ઉકેલ નહીં આવે તો તેઓ ચૂંટણીનો બહિષ્કાર કરશે. હાલની સ્થિતિમાં લોકોના સ્વાસ્થ્યને ભારે નુકસાન થઈ રહ્યું હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. ત્યારે હાલ ચૂંટણીનો માહોલ છે ત્યારે સ્થાનિકોએ ચૂંટણી બહિષ્કારની ચીમકી આપતા શાસક પક્ષને આગ દાઝી જાય તો નવાઈ નહીં.

મોટા વરાછામાં બાઈક સ્લિપ થતાં કારખાનેદારનું મોત

સુરતઃ મોટા વરાછામાં બાઈક સ્લીપ થતાં એમ્બ્રોઇડરીના કારખાનેદારનું મોત નીપજ્યું હતું. મૂળ અમરેલી જિલ્લાના સાવરકુંડલાના નેસડી ગામના વતની સુરેશભાઈ મનસુખભાઈ કાછડીયા (ઉં.વ.42) હાલ મોટા વરાછા વિસ્તારમાં આવેલા આનંદધારા સોસાયટીમાં પત્ની, એક પુત્રી અને બે પુત્ર સહિતના પરિવાર સાથે રહેતા હતા. તેઓ એમ્બ્રોઇડરીનું કારખાનું ધરાવે છે. સોમવારે સાંજે સુરેશભાઈ કારખાના પરથી બાઈક પર ઘરે પરત આવી રહ્યા હતા. તે સમયે સવજી કોરાટ બ્રિજ પર તેમની બાઈક સ્લીપ થઈ ગઈ હતી. જેથી તેમને ગંભીર ઇજા થતાં સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. ઉલ્લેખનીય છે કે, શહેરમાં બાઈક સ્લીપ થતાં મોતની અગાઉ પણ ઘટનાઓ બની છે.

દુર્ઘટનાથી મનપા જાગી: બેથી વધુ બેઝમેન્ટ માટે અભિપ્રાય ફરજિયાત

બેથી વધુ બેઝમેન્ટ ધરાવતા પ્રોજેક્ટને મંજૂરી પહેલાં નિષ્ણાતનો રિપોર્ટ જરૂરી, ઊંચા વોટર ટેબલ વિસ્તારો પર ખાસ ધ્યાન

સુરતઃ ભીમરાડ વિસ્તારમાં નિર્માણાધીન પ્રોજેક્ટ દરમિયાન ડી-વોલ ધરાશાયી થવાની ઘટના તેમજ રાંદેર ઝોનમાં માણીયા હોસ્પિટલ પ્રોજેક્ટમાં ડી-વોલ તૂટી પડવાની ઘટનાને ધ્યાનમાં રાખી મનપાના શહેર વિકાસ વિભાગે હવે બેથી વધુ બેઝમેન્ટની સુવિધા ધરાવતા પ્રોજેક્ટ્સની વિકાસ પરવાનગી ફાઈલને મંજૂરી આપતા પહેલાં જીઓ ટેક્નિકલ કન્સલ્ટન્ટનો અભિપ્રાય ફરજિયાત બનાવવામાં આવ્યો છે. ખાસ કરીને જ્યાં વોટર ટેબલ લેવલ ઊંચું હોય તેવા વિસ્તારોમાં બે બેઝમેન્ટ ધરાવતા પ્રોજેક્ટ માટે પણ આ નિયમ લાગુ કરવામાં આવશે.

'વિવાન'માં ત્રણને બદલે બે, માણિયા હોસ્પિ.માં 3 બેઝમેન્ટ

ભીમરાડમાં 'વિવાન' પ્રોજેક્ટમાં પૂર્વે ત્રણ બેઝમેન્ટની મંજૂરી મળી હતી, પરંતુ ડી વોલ તૂટ્યા બાદ રિવાઇઝ પ્લાન તૈયાર કરી તે ફાઇલમાં બેઝમેન્ટની સંખ્યા ત્રણની જગ્યાએ બે રાખવામાં આવી છે. તે જ રીતે અડાજણમાં નિર્માણાધીન માણીયા હોસ્પિટલ પ્રોજેક્ટમાં પણ ડી-વોલ પીછલા દોઢ-બે માસમાં તૂટી પડેલી ઘટના નોંધાઇ હતી. આ પ્રોજેક્ટ માટે પણ જીઓ ટેક્નિકલ એક્સપર્ટનો અભિપ્રાય લેવામાં આવ્યો હતો, પરંતુ તેમાં બેઝમેન્ટની સંખ્યા ઘટાડવાની જરૂરિયાત ન હતી. તેથી, માણીયા હોસ્પિટલ પ્રોજેક્ટમાં ત્રણ બેઝમેન્ટ યથાવત રાખવામાં આવ્યા છે. ભવિષ્યમાં પણ આ પ્રકારના પ્રોજેક્ટ માટે જીઓ ટેકનિકલ નિષ્ણાતનો અભિપ્રાય ફરજિયાત રહેશે.

આખરે સણિયા હેમાદમાં ગેરકાયદે ઈન્ડસ્ટ્રિયલ બાંધકામો તોડાયાં

રહીશોના વિરોધ બાદ તંત્ર હરકતમાં, 3000 ચો.ફૂટ બાંધકામ તોડાયું

જો કે બાંધકામ કરનારાઓનો ઝોન અને મુઘલસરાય પર મોરચો

સુરતઃ સણિયા હેમાદ ગામમાં રહેણાક વિસ્તારોમાં મનપાની ટીમે રાજ બિઝનેસ પાર્ક અને શ્યામ-4 વિસ્તારમાં ત્રાટકી અંદાજે 6 મિલકતમાં કુલ 3000 ચોરસ ફૂટ જેટલાં ગેરકાયદે બાંધકામોનું ડિમોલિશન કર્યું હતું.

રહેવાસીઓના જણાવ્યા મુજબ રહેણાક માટે ફાળવાયેલી જગ્યામાં મોટાપાયે કારખાનાં અને કોમર્શિયલ એકમો શરૂ થતાં લોકોનું જીવન દુષ્કર બન્યું હતું. ભારે વાહનોની અવરજવરથી બાળકો અને વૃદ્ધોના જીવને જોખમ ઊભું થયું હતું. જ્યારે મહિલાઓ અને યુવતીઓની સુરક્ષા અંગે પણ ગંભીર ચિંતાઓ ઊઠી હતી. અનેકવાર મુખ્યમંત્રીથી લઈને મનપા કમિશનર સુધી રજૂઆત છતાં કાર્યવાહી ન થતાં રહીશોએ તાજેતરમાં આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી, જેના પગલે તંત્ર હરકતમાં આવ્યું હતું.

ડિમોલિશનની કામગીરી દરમિયાન મિલકતદારોએ વિરોધ નોંધાવ્યો હતો અને કાર્યવાહી અટકાવવા પ્રયાસ કર્યો હતો. અગાઉ પણ વિવાદને પગલે કામગીરી અટકાવવામાં આવી હતી. આ વખતે પણ માલિકો સરથાણા ખાતે આવેલા શ્યામધામ મંદિર સામેની કચેરીએ પહોંચી ધારાસભ્ય પ્રફુલ પાનસેરિયા સમક્ષ રજૂઆત કરી હતી. ઉપરાંત મુઘલસરાય તેમજ વરાછા ઝોન ઓફિસ પર પણ મોરચો લાવ્યા હતા.

જો કે, મનપાએ વિરોધ વચ્ચે પણ કાર્યવાહી યથાવત રાખી હતી. રહીશોએ ચેતવણી આપી છે કે જો બાકી રહેલા ગેરકાયદે એકમો સામે કડક પગલાં નહીં લેવાય તો તેઓ આગામી દિવસોમાં મનપા કચેરીએ ઉગ્ર વિરોધ પ્રદર્શન કરશે.

વેસુમાં તળાવમાં નાહવા ગયેલી બાળકીનું ડૂબી જતાં મોત

સુરતઃ મૂળ નેપાળના વતની, ગોવિન્દ્ર સહારા હાલ વેસુ સેકેન્ડ વીઆઈપી રોડ પર આવેલી ખાનગી યુનિવર્સિટીની બાજુમાં અવધ મિનોરકા નામની કન્ટ્રક્શન સાઈડ પર રહેતો હતો અને ત્યાં જ મજૂરી કામ કરતો હતો. ગોવિન્દ્રના સંતાન પૈકી 11 વર્ષીય સંજુકુમારી બે મહિના પહેલાં વતનથી સુરત આવી હતી. અને માતા-પિતા મજૂરી કામ માટે જાય ત્યારે તેના ત્રણ નાના ભાઈ-બહેનને રૂમમાં સાચવતી હતી. મંગળવારે સંજુકુમારીના મિત્રો વેસુ ઈસ્કોન મંદિરની પાછળ બનાવેલા તળાવમાં નાહવા માટે ગઈ હતી રહ્યા હતા. દરમિયાન સંજુકુમારી પાણીમાં ડૂબી ગઈ હતી. ફાયર વિભાગને બનાવની જાણ કરતાં તે દોડી આવ્યું હતું અને બેભાન હાલતમાં સંજુકુમારીને બહાર કાઢવામાં આવી હતી પરંતુ તેનું મોત થઈ ગયું હતું. નવી સિવિલ હોસ્પિ.માં MLC નોંધવા સમય લાગતા સંજુકુમારીનું મૃતદેહ નવી સિવિલ હોસ્પિટલના ઇમરજન્સી વિભાગમાં રઝળતો જોવા મળ્યો હતો. જેથી લોકોએ નારાજગી વ્યક્ત કરી હતી.

ગંદા પાણીના વિવાદમાં રાંદેર ઝંડા ચોકમાં પાણીનાં સેમ્પલ લેવાયાં

સુરતઃ ભાજપના માજી સ્ટેન્ડિંગ ચેરમેન રાજન પટેલ અને સીટિંગ નગરસેવક કૃણાલ સેલર જ્યારે રાંદેરના ઝંડા ચોક વિસ્તારની મુલાકાતે હતા, ત્યારે થયેલા વિવાદમાં અન્ય દાવેદાર જ હોવાની હકીકતો બહાર આવી હતી. જેથી સુરત મહાનગરપાલિકાની હાઇડ્રોલિક વિભાગની ટીમે સ્થળ પર પહોંચી અનેક જગ્યાઓથી પાણીનાં સેમ્પલ લીધાં હતાં. ઈજનેરોએ પારદર્શિતા જાળવવા માટે જાતે જ પાણી પી અને તેની શુદ્ધતાની ખાતરી કરી હતી અને ગંદું પાણીના દાવાઓ ખોટા સાબિત થયા, જેને કારણે વિવાદ રાજકીય સ્ટંટ હોવાનો પ્રશ્ન ઉભો થયો છે.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda — હનીપાર્ક રોડ શાખા : ૩, શિવાલિક વેસ્ટર્ન, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત–૩૯૫૦૦૯, ગુજરાત. ફોન : ૦૨૬૧-૨૭૪૬૭૬૭ email id : honeyp@bankofbaroda.com

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે) [સીક્યુરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨] ના(રૂલ ૮(૧) હેઠળ

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૦.૦૨.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/જામીનદાર **શ્રી સહદેવ આત્મારામ સિંધે (દેવાદાર), શ્રીમતી શીલા સહદેવ સિંધે (સહદેવાદાર) અને શ્રી પ્રભુભાઈ રૂપાભાઈ રાઠોડ (જામીનદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા. ૧૨,૪૯,૭૧૦.૪૫ (રૂપિયા બાર લાખ ઓગણપચાસ હજાર સાતસો દસ અને પીસ્તાલીસ પૈસા પુરા)** વત્તા વ્યાજ અને તેના ઉપર અન્ય ચાર્જીસ સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૦૫ મી એપ્રિલ ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા**,ની રકમ **રૂા.૧૨,૪૯,૭૧૦.૪૫** વત્તા વ્યાજ અને તેના ઉપર અન્ય ચાર્જીસ ને આધિન રહેશે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે **'સાંઈ પ્રેરણા રો હાઉસ'** નો પ્લોટ નં.૧૦૫ જેનું માપ એરીયા ૭૪.૩૧ ચો.મી એટલે બરાબર ૮૮.૮૮ ચો.વાર, (કેજેપી મુજબ બ્લોક નં. ૧૫૭/૧૦૫ માપ ૭૪.૪૨ ચો. મીટર) આ પ્લોટ ખુલ્લી જમીન પ્રકારની મિલકત છે. અને આશરે ૩૯.૩૮ ચો.મી વણવહેંચાયેલ હિસ્સા સોસાયટીના રોડ અને સીઓપી હેઠળ નો છે, જેની જમીન બ્લોક નં.૧૫૭, રેવન્યુ સર્વે નં.૧૩૩, મોજે ગામ બારાસડી, તાલુકા : પલસાણા, જી.: સુરત ખાતે આવેલ છે. **જેની ચતુર્દિશા : પૂર્વ તરફ** : પ્લોટ નં.૧૦૪, **પશ્ચિમ તરફ** : પ્લોટ નં.૧૦૬, **ઉત્તર તરફ** : પ્લોટ નં.૧૧૬, **દક્ષિણ તરફ** : સોસાયટીનો આંતરીક રોડ આવેલ છે.

તા. ૦૫.૦૪.૨૦૨૬ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, હની પાર્ક રોડ શાખા.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda — બલેશ્વર શાખા : મેઈન રોડ, બલેશ્વર, તા.પલસાણા, જી.સુરત–૩૯૪૩૧૭ ફોન : ૦૨૬૨૨-૨૬૪૨૪૭ email :balesh@bankofbaroda.com

કબજા નોટીસ કલમ ૧૩(૪)(સ્થાયી મિલકત માટે) [સીક્યુરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮(૧) હેઠળ]

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩ (૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૭/૦૭/૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/જામીનદાર **શ્રીમતી કપીલાબેન રાજુભાઈ પટેલ (દેવાદાર) અને શ્રી નિમલકુમાર પ્રફુલભાઈ પટેલ (જામીનદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૨૬,૪૬,૪૮૯.૯૬ (અંકે રૂપિયા છવ્વીસ લાખ છેતાલીસ હજાર ચારસો નેવ્યાસી અને છન્નું પૈસા પુરા)** વત્તા વ્યાજ અને અન્ય ચાર્જીસ સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/જામીનદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૦૫મી એપ્રિલ ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા**,ની રકમ **રૂા. ૨૬,૪૬,૪૮૯.૯૬** વત્તા વ્યાજ અને અન્ય ચાર્જીસ ને આધિન રહેશે.

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે શ્રી ક્રિષ્ણા રેસીડન્સી–૧ સ્થિત પ્લોટ નં.૯, માપ આશરે ૧૮૪.૩૮ ચો.મીટર રોડ અને સીઓપી માપ આશરે ૧૧૧.૯૫ ચો.મી વણવહેંચાયેલ હિસ્સા સહિત કુલ માપ આશરે ૨૯૬.૩૩ ચો.મીટર જમીન બ્લોક નં./સર્વે નં. ૩૦૭ જુનો બ્લોક/સર્વે નં. ૨૬૬/પૈકી ૧ માપ હેક્ટર આરે ૦– ૫૬– ૫૬ ચો.મી, ગામ. સંદલપોર, સબ ડિસ્ટ્રિક્ટ. જલાલપોર, જી.નવસારી ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વે** : મિલકત નો પ્લોટ નં. ૧૫, **પશ્ચિમે** : સોસાયટી નો આંતરીક રોડ, **ઉત્તરે** : મિલકત નો પ્લોટ નં. ૧૦, **દક્ષિણે** : મિલકત નો પ્લોટ નં. ૮.

તા. ૦૫/૦૪/૨૦૨૬ । સ્થળ : નવસારી — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, બલેશ્વર શાખા.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda — ભેસ્તાન શાખા : દુકાન નં.૧ થી ૩, સાંઈ સ્કવેર બિલ્ડીંગ, ઉધના નવસારી રોડ, ભેસ્તાન, સુરત. Email : dbbhes@bankofbaroda.com

કબજા નોટીસ(સ્થાયી મિલકત માટે)[સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨]ના[રૂલ ૮(૧) હેઠળ]

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા**ના અધિકૃત અધિકારીએ સિક્યુરાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ હેઠળ તેમને મળેલ સત્તા દ્વારા **તા.૦૩.૦૩.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/ગીરવેદાર **શ્રી ઉમેશ યાદવ (દેવાદાર) અને શ્રીમતી અંકિતા ઉમેશ યાદવ (સહદેવાદાર)અને શ્રી અરવિંદકુમાર સરજૂપ્રસાદ યાદવ (જામીનદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૯,૬૩,૭૮૯.૧૩ (રૂપિયા નવ લાખ ત્રેસઠ હજાર સાતસો નેવ્યાંસી અને તેર પૈસા પુરા) વત્તા વધારાનું વ્યાજ અને અન્ય ચાર્જીસ** સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/જામીનદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ ૪ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તા. ૦૫મી એપ્રિલ ૨૦૨૬** ના રોજ આ મિલકતનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા** ની રકમ **રૂા.૯,૬૩,૭૮૯.૧૩/–** વત્તા વધારાનું વ્યાજ અને અન્ય ખર્ચાઓ ચુકવણીની તારીખ સુધીના ને આધિન રહેશે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે આરાધના લેક ટાઉન વિભાગ–૨ નો પ્લોટ નં ૧૭૨, માપ ૭૦.૦૦ ચો.વાર કેજેપી/નવો બ્લોક નં.૩/૧૭૨ માપ ૫૮.૫૨ ચો.મીટર ના પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા સહિત રોડ અને સીઓપી માપ ૨૫.૬૮ ચો.મીટર તમામ સ્ટેન્ડિંગ જમીનનો બ્લોક નં. ૩ થી ૧૦,૧૨,૧૯ અને ૩૬૨ સંકલિત નવો બ્લોક નં. ૩ ગામ. જોલવા, સબ ડિસ્ટ્રીક્ટ. પલસાણા જી. સુરત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : જોડેની સોસાયટીનો આંતરિક રોડ, **પશ્ચિમ તરફ** : જોડેનો પ્લોટ નં.૧૩૯, **ઉત્તર તરફ** : જોડેનો પ્લોટ નં.૧૭૧, **દક્ષિણ તરફ** : જોડેનો કોમન ખુલ્લો પ્લોટ આવેલ છે.

તા. ૦૫/૦૪/૨૦૨૬, સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા,ભેસ્તાન શાખા.

बैंक ऑफ़ इंडिया Bank of India BOI — એસેટ રીકવરી શાખા સુરત : ૫મો માળ, બેંક ઓફ ઈન્ડિયા બિલ્ડીંગ, સુરત મેઈન શાખા, કણપીઠ લાલગેટ, સુરત ગુજરાત –૩૯૫૦૦૩. મો નં. : ૯૯૨૪૮૬૯૭૬૮

સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ મિલકતોની ઈ–હરાજી વેચાણ નોટીસ

ઈ–હરાજીની તા.૨૮.૦૪.૨૦૨૬ સવારે ૧૧ થી સાંજે ૫ સુધી (ઓટો એક્સ્ટેન્શન નિયમ પ્રમાણે હરાજી બંધ થવા પહેલા ૧૦ મિનિટના વધારા સાથે)

સિક્યુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ના રૂલ ૯(૧) સાથે વંચાણે લઈ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ હેઠળ જાહેર જનતા અને ખાસ કરીને નીચે દર્શાવેલ દેવાદાર(રો) અને જામીનદાર(રો) ને નોટીસ આપી જણાવવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકત(તો) કે જે સિક્યોર્ડ ક્રેડીટર્સને ગીરવે/ચાર્જ કરેલ કે જેનો **પ્રત્યક્ષ કબજો** બેંક ઓફ ઈન્ડિયા, સિક્યોર્ડ ક્રેડીટર્સ દ્વારા મેળવવામાં આવેલ છે. જેનું 'જ્યાં છે, જે કંઈ છે અને જેવું છે તેવું' ના ધોરણે બેંક ઓફ ઈન્ડિયા, સિક્યોર્ડ ક્રેડીટર્સ દ્વારા જે તે દેવાદાર અને જામીનદારોના બાકી રકમ માટે ઈ–હરાજીથી વેચાણ કરવામાં આવશે. અનામત કિંમત અને ઈએમડીની રકમ નીચે મુજબ રહેશે. **નીચે સહી કરનાર દ્વારા નીચે જણાવેલ ઈ–હરાજી પ્લેટફોર્મથી વેચાણકરવામાં આવશે.**

અ. નં.	શાખાનું નામ / દેવાદાર / જામીનદાર / માલિક / ભાગીદાર / મિલકતના ગીરવેદાર નું નામ	વેચાણ માટેની મિલકતનું વર્ણન	સરફેસી નોટીસ મુજબ બેંક ના લેણાંની વિગતો / કબજાનો પ્રકાર	ન્યુનતમ અનામત કિંમત(રૂા.માં) (૧૦% આર.પી) ઈએમડી (રૂા.લાખ માં)
૧	**મેસર્સ જાવર ઈન્ટરનેશનલ, (તેના ભાગીદારો અને જામીનદારો)** શ્રી જુગલકિશોર છગનલાલ જાવર, શ્રીમતી સરિતા જુગલકિશોર જાવર, શ્રી નારાયણ પ્રસાદ જાવર, રૂચિતા જુગલકિશોર જાવર, નિકિતા જુગલકિશોર જાવર, તે સ્વર્ગીય ભંવરીદેવી જાવર ના કાયદેસર ના વારસદારો	આશીર્વાદ પેલેસ, ફ્લેટ નં ઈ–૨૦૯, જેનુ માપ ૨૭૫.૩૮ ચો.મીટર, રે.સ. નં. ૫૬, ૫૭, ૫૮/૧ અને ૮૩ પૈકી, ટી.પી નં. ૨૭, એફ.પી નં. ૧૧૯ અને ૧૨૦,ભટાર રોડ, સુરત–૩૯૫૦૦૭ ખાતે શ્રી જુગલકિશોર જાવર ની માલીકી ની છે.	**તા. ૧૫.૦૬.૨૦૨૪ના કલમ ૧૩(૨) હેઠળની સુચના મુજબ રૂા. ૩૩,૧૮,૨૦,૦૪૭.૧૮/– (અંકે રૂા.તેત્રીસ કરોડ અઢાર લાખ વીસ હજાર સુડતાલીસ અને અઢાર પૈસા પુરા)** વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે, જો કોઈ રીકવરી થઈ હોય તો તે બાદ કરતા. / **પ્રત્યક્ષ કબજો**	રૂા. ૧,૫૩,૦૦,૦૦૦/– / રૂા. ૧૫,૩૦,૦૦૦/–
૨	**મેસર્સ જૈનબ એન્ટરપ્રાઈઝ, મહ. કલામ મહ. ખલીલ ખાન, શ્રીમતી કિશ્વરજહાન ખાન**	તોહીદ પાર્ક નો બીજામાળ નો ફ્લેટ નં. ૨૦૯, સુપર બિલ્ટ અપ એરીયા માપ ૬૫૦ ચો. ફૂટ. ચિલ્ડ્રન ઈંગ્લીશ મીડીયમ સ્કુલ પાસે, આશ્રમ રોડ, ડુંગરા, જી. વલસાડ – ૩૯૬૧૯૩ કિશ્વરજહાન મોહમ્મદ કલામ ખાન ના નામે આવેલ છે.	તા. ૧૭.૧૧.૨૦૨૩ ના કલમ ૧૩(૨) હેઠળની સુચના મુજબ રૂા.૬૬,૬૮,૩૩૧.૭૪ (રૂપિયા છાસઠ લાખ અડસઠ હજાર ત્રણસો એકત્રીસ અને ચુમ્મોતેર પૈસા પુરા) + વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે, જો કોઈ રીકવરી થઈ હોય તો તે બાદ કરતા. / **પ્રત્યક્ષ કબજો**	રૂા.૫,૯૪,૦૦૦ / રૂા.૫૯,૪૦૦
		તોહીદ પાર્ક નો બીજામાળ નો ફ્લેટ નં. ૨૧૨, સુપર બિલ્ટ અપ એરીયા માપ ૬૫૦ ચો. ફૂટ. ચિલ્ડ્રન ઈંગ્લીશ મીડીયમ સ્કુલ પાસે, આશ્રમ રોડ, ડુંગરા, જી. વલસાડ – ૩૯૬૧૯૩ કિશ્વરજહાન મોહમ્મદ કલામ ખાન ના નામે આવેલ છે.		રૂા.૫,૯૪,૦૦૦ / રૂા.૫૯,૪૦૦
		તોહીદ પાર્ક નો ત્રીજામાળ નો ફ્લેટ નં. ૩૦૩, સુપર બિલ્ટ અપ એરીયા માપ ૬૫૦ ચો. ફૂટ. ચિલ્ડ્રન ઈંગ્લીશ મીડીયમ સ્કુલ પાસે, આશ્રમ રોડ, ડુંગરા, જી. વલસાડ – ૩૯૬૧૯૩ કિશ્વરજહાન મોહમ્મદ કલામ ખાન ના નામે આવેલ છે.		રૂા.૫,૯૪,૦૦૦ / રૂા.૫૯,૪૦૦
		તોહીદ પાર્ક નો ત્રીજામાળ નો ફ્લેટ નં. ૩૦૪, સુપર બિલ્ટ અપ એરીયા માપ ૬૫૦ ચો. ફૂટ. ચિલ્ડ્રન ઈંગ્લીશ મીડીયમ સ્કુલ પાસે, આશ્રમ રોડ, ડુંગરા, જી. વલસાડ – ૩૯૬૧૯૩ કિશ્વરજહાન મોહમ્મદ કલામ ખાન ના નામે આવેલ છે.		રૂા.૫,૯૪,૦૦૦ / રૂા.૫૯,૪૦૦
૩	**મેસર્સ સાંઈ રામ ક્રિએશન, શ્રી હરેશભાઈ મધુભાઈ ગોંડલીયા, શ્રી સુરેશ દિનેશભાઈ ભાલીયા**	રેહણાંક ફ્લેટ જે લક્ષ્મી નારાયણ ટાઉનશીપ નો બિલ્ડીંગ નં. એ, ત્રીજા માળ નો ફ્લેટ નં. ૩૦૫, સુપર બિલ્ટઅપ એરીયા માપ ૭૬૫.૦૦ ચો. ફૂટ, રે.સ.નં. ૬૦/૨/૧, ખાતા નં. ૧૫૮૭, મોજે પારડી, સાંઢપોર, તા. વલસાડ, જી. વલસાડ – ૩૯૬૦૦૧ શ્રી હરેશભાઈ મધુભાઈ ગોંડલીયાની માલીકીનો છે.	તા. ૧૨.૦૧.૨૦૧૮ ના કલમ ૧૩(૨) હેઠળની સુચના મુજબ રૂા.૮૨,૭૯,૪૯૬.૧૦ (રૂપિયા બ્યાંસી લાખ ઈઠોતેર હજાર ચારસો છન્નુ અને દસ પૈસા પુરા) + વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે, જો કોઈ રીકવરી થઈ હોય તો તે બાદ કરતા. / **પ્રત્યક્ષ કબજો**	રૂા.૬,૦૦,૦૦૦ / રૂા.૬૦,૦૦૦
		રેહણાંક ફ્લેટ જે લક્ષ્મી નારાયણ ટાઉનશીપ નો બિલ્ડીંગ નં. એ, ત્રીજા માળ નો ફ્લેટ નં. ૩૦૬, સુપર બિલ્ટઅપ એરીયા માપ ૭૬૫.૦૦ ચો. ફૂટ, રે.સ.નં. ૬૦/૨/૧, ખાતા નં. ૧૫૮૭, મોજે પારડી, સાંઢપોર, તા. વલસાડ, જી. વલસાડ – ૩૯૬૦૦૧ શ્રી હરેશભાઈ મધુભાઈ ગોંડલીયાની માલીકીનો છે.		રૂા.૬,૦૦,૦૦૦ / રૂા.૬૦,૦૦૦
		રેહણાંક ફ્લેટ જે લક્ષ્મી નારાયણ ટાઉનશીપ નો બિલ્ડીંગ નં. બી, ચોથા માળ નો ફ્લેટ નં. ૪૦૪, સુપર બિલ્ટઅપ એરીયા માપ ૧૦૮૬.૦૦ ચો. ફૂટ, રે.સ.નં. ૬૦/૨/૧, ખાતા નં. ૧૫૮૭, મોજે પારડી, સાંઢપોર, તા. વલસાડ, જી. વલસાડ – ૩૯૬૦૦૧ શ્રી હરેશભાઈ મધુભાઈ ગોંડલીયાની માલીકીનો છે.		રૂા.૧૨,૯૬,૦૦૦ / રૂા.૧,૨૯,૬૦૦

હરાજીમાં ભાગ લેતા પહેલા બીડરોએ મિલકત/તોનું સાઈટ પરનું માપ અને રેવન્યુ રેકર્ડ માં પણ માપ ચકાસી લેવાનું રહેશે.

નિયમો અને શરતો : (૧) સદર મિલકતની હરાજી 'જેમ છે તેમ' અને જ્યાં છે ત્યાં' અને ઓનલાઈન કરવામાં આવશે. (૨) બીડરે વધુ વિગતો, નિયમો અને શરતો ડાઉનલોડ કરવા કૃપા કરી (એ) https://www.bankofindia.bank.in ની મુલાકાત લેવી. (બી) અમારી ઈ–હરાજી સેવા આપનારી વેબસાઈટ https://baanknet.com અને https://baanknet.com ની મુલાકાત લઈ શકે છે જ્યાં બીડરો માટે શૈક્ષણિક વિડીઓ ઉપલબ્ધ છે. બીડરો એ નીચેના સ્ટેપ બીડીંગમાં સારી રીતે પૂર્ણ કરવાના રહેશે. **સ્ટેપ ૧** : બીડર/ખરીદનાર નોંધણી : ઈ–ઓકશન પ્લેટફોર્મ ઉપર નોંધણી કરનારે (ઉપર આપેલ લીંક) માં મોબાઈલ નંબર અને ઈમેલ આઈડી નો ઉપયોગ કરવાનો રહેશે. **સ્ટેપ ૨** : કેવાયસી ખરાઈ : બીડરે જરૂરી દસ્તાવેજો અપલોડ કરવા માટે, કેવાયસી દસ્તાવેજોની ચકાસણી ઈ–હરાજી સેવા આપનાર દ્વારા કરવામાં આવશે. (કાર્યકારી ૨ દિવસ લાગી શકે છે). **સ્ટેપ ૩** : બીડર ગ્લોબલ વોલેટ દ્વારા ઈએમડી રકમનું ટ્રાન્સફર, ઈ–હરાજી પ્લેટફોર્મ પર જનરેટ થયેલ ચલણનો ઉપયોગ કરીને એનઈએફટી ઈ–હરાજી પ્લેટફોર્મ ઓનલાઈન / ઓફ લાઈન ફંડનું ટ્રાન્સફર કરી શકાશે.**તા.૨૮/૦૪/૨૦૨૬ ના રોજ ૪ વાગ્યા પહેલા સ્ટેપ ૪** : બીડીંગ પ્રક્રિયા અને હરાજીના પરિણામો : રસ ધરાવનાર રજીસ્ટર્ડ બીડર ઓનલાઈન ઈ–હરાજી પ્લેટફોર્મ પર ૧, ૨ અને ૩ સ્ટેપ પૂર્ણ કર્યા પછી બીડીંગ કરી શકશે. અને બીડર્સને જાણ કરવામાં આવે છે કે ઈએમડી જમા કરવા પહેલા ઈ–હરાજીની તારીખ પહેલા સ્ટેપ ૧, ૨ અને ૩ સંપૂર્ણ રીતે પૂર્ણ કરવા પડશે. (૩) અધિકૃત અધિકારીની મહત્તમ જાણકારી અને માહિતી અનુસાર મિલકત પર અન્ય કોઈ બોજો નથી છતાં બીડરે બીડ કરતા પહેલા મિલકતના ટાઈટલ અને ક્લેઈમ / હક્ક / બાકી / બોજા અંગેની જાણકારી મેળવી લેવી. ઈ–હરાજીની જાહેર ખબર બેંક પ્રત્યેની કોઈપણ પ્રતિબદ્ધતા અથવા કોઈપણ પ્રતિનિધીત્વ દર્શાવતી નથી કે દર્શાવતી હોઈ તેમ સમજી શકાશે નહી. મિલકતની હરાજી બેંક દ્વારા મિલકત ઉપરના હાલના તેમજ ભવિષ્યના જાણીતા કે અજાણ તમામ બોજા સહિત વેચવાની છે. અધિકૃત અધિકારી / સિક્યોર્ડ ક્રેડીટર્સ થર્ડ પાર્ટી ના ક્લેઈમ / રાઈટ્સ / વાંધા માટે જવાબદાર રહેશે નહી. (૪) **નિરીક્ષણ ની તારીખ : ૨૧.૦૪.૨૦૨૬ ના રોજ સવારે ૧૧ થી ૪ વાગ્યા સુધી કરી શકાશે.** તે માટે સંબંધિત શાખાનો સંપર્ક કરવો. (૫) બીડ ફક્ત ઓનલાઈન દ્વારા જ રજૂ કરવી પડશે. (૬) બીડરોએ વેચાણની શરતો વાંચી અને સમજી છે અને તેના માટે બંધાયેલ છે એમ માનવામાં આવશે. (૭) સબમીટ કરવાની બીડ કિંમત અનામત કિંમતથી ઉપર રહેશે અને બીડર્સ તેમની બોલી **અનુ નં. ૧ માટે રૂા. ૧,૦૦,૦૦૦/– (રૂા. એક લાખ) અને અનુ નં. ૨ અને ૩ માટે રૂા. ૧૦,૦૦૦/–(રૂા. દસ હજાર)** ના ગુણાંકમાં કરવાની રહેશે. (૮) બીડ રજૂ કરતા પહેલા બીડરે મિલકતનું નિરીક્ષણ તેમજ મિલકત અંગેની તમામ જાણકારી મેળવી લેવી. (૯) સફળ બીડર્સની ઈએમડી રકમ વેચાણ પ્રક્રિયામાં જમા લેવામાં આવશે અને અસફળ બીડરોની ઈએમડી પરત કરવામાં આવશે. (૧૦) ઈએમડી પર વ્યાજ મળશે નહી અને સફળ થનાર બીડરે અધિકૃત અધિકારી દ્વારા બીડની કિંમત સ્વીકાર્યા બાદ તરત જ વેચાણ કિંમતનાં ૨૫% (ઈએમડી સાથે) જમા કરવાનાં રહેશે અને વેચાણ કિંમતની બાકીની રકમ (૭૫%) વેચાણ નક્કી થયાની તારીખથી ૧૫ દિવસ કે તે પહેલા જમાં કરવાનું રહેશે. સફળ બીડર્સ દ્વારા રકમ જમા કરવામાં કસુર (વિલંબ) થયે બીડરની જમા રકમ જપ્ત થશે અને મિલકત પુનઃ હરાજીમાં મુકાશે અને કસુરવાર બીડની રકમ બાબતમાં કોઈપણ દાવો / અધિકાર રહેશે નહી. (૧૧) કોઈપણ ઈન્ટરનેટ નેટવર્ક સમસ્યા / પાવર નિષ્ફળતા/ અન્ય કોઈ ટેકનીકલ ખામી નિષ્ફળતા વગેરે માટે અધિકૃત અધિકારી / બેંક કે ઈ–હરાજી સેવા આપનાર ને જવાબદાર ગણવામાં આવશે નહી. આથી આકસ્મિક પરિસ્થિતીને દૂર રાખવા માટે ઈચ્છુક બીડરોને વિનંતી કરવામાં આવે છે કે તેમણે ઈ–હરાજીની પ્રક્રિયામાં ભાગ લેવા માટે સંપૂર્ણ સજ્જ છે તે ચકાસી લેવું. (૧૨) ખરીદનારે લાગુ સ્ટેમ્પ ડયુટી / રજીસ્ટ્રેશન ફી / લાગુ પડતા સરકારી લેણાં જીએસટી અન્ય ચુકવણી અને કોઈપણ કાનુની / બીન કાનુની બાકી કર / આકારણી વેરો વગેરે ભરવો પડશે. (૧૩) અધિકૃત અધિકારી / બેંક ઉચ્ચતમ ઓફર સ્વીકારવા બંધાયેલ નથી અને તે હરાજીની કાર્યવાહી કોઈપણ તબક્કે કોઈપણ કારણ આપ્યા વિના તમામ ઓફરોને સ્વીકારવા કે નકારવા અથવા ઈ–હરાજી મુલતવી રાખવા/રદ કરવા અથવા તેની કોઈપણ મિલકત અથવા ભાગ પાછો ખેંચવા સંપૂર્ણ અધિકાર અને વિવેક ધરાવે છે. (૧૪) વેચાણ પ્રમાણપત્ર ફકત ખરીદનાર / અરજદારના નામે જારી કરવામાં આવશે અને અન્ય કોઈપણ નામે જારી કરવામાં આવશે નહી. (૧૫) વેચાણ સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસ્સેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ના અમલીકરણ હેઠળ નિયમો / શરતો ને આધિન રહેશે. વેચાણની શરતો પરની કોઈપણ વિગતો / પુછપરછ સંબંધિત શાખાના આપેલ સંપર્ક નંબરો પરથી મેળવી શકાશે. (૧૬) સરફેસી કાયદા મુજબ ઉપરોક્ત ખાતાના દેવાદાર / જામીનદાર / ગીરવેદાર ને **૧૫ દિવસ**ની નોટીસ દ્વારા ઉપરોક્ત તારીખે રાખેલ વેચાણ / હરાજીની જાણ કરવામાં આવેલ છે.

તા.૦૨.૦૪.૨૦૨૬ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ ઈન્ડીયા, સુરત એસેટ રીકવરી શાખા, સુરત

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda — બલેશ્વર શાખા : મેઈન રોડ, બલેશ્વર, તા.પલસાણા, જી.સુરત–૩૯૪૩૧૭ ફોન : ૦૨૬૨૨-૨૬૪૨૪૭ email :balesh@bankofbaroda.com

કબજા નોટીસ ૧૩(૪)(સ્થાયી મિલકત માટે) [સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮(૧) હેઠળ]

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ૧૩ (૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૨૭.૦૬.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/જામીનદાર **શ્રી નિર્ભયસિંહ સજ્જનસિંહ ચૌહાણ (દેવાદાર) અને શ્રીમતી પીંકુ નિર્ભયસિંહ ચૌહાણ (સહ દેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૩,૧૭,૫૮૨.૭૭/–(અંકે રૂા. તેર લાખ સત્તર હજાર પાંચસો બ્યાંસી અને સીત્તોત્તેર પૈસા પુરા)** વત્તા વ્યાજ અને અન્ય ચાર્જીસ સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/જામીનદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૦૫મી એપ્રિલ ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા**,ની રકમ **રૂા. ૧૩,૧૭,૫૮૨.૭૭** વત્તા વ્યાજ અને અન્ય ચાર્જીસ ને આધિન રહેશે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે ધર્મનંદન રેસીડન્સી' નો પ્લોટ નં. ૪૮ જેનું એરીયા માપ ૬૦.૨૩ ચો.મીટર, ૪૨.૯૦ ચો.મીટર સીઓપી અને રોડના જમીનના વણવહેંચાયેલ મિલકતના હિસ્સા સહીત બિનખેતી જમીન રેવન્યુ સર્વે નં. ૯૬, બ્લોક નં. ૧૨૨ મોજે ગામ. બગુમરા, સબ ડિસ્ટ્રીકટ પલસાણા જી. સુરત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા :**પૂર્વ તરફ** : પ્લોટ નં.૪૯, **પશ્ચિમ તરફ** : પ્લોટ નં.૪૭ ,**ઉત્તર તરફ** : પ્લોટ નં. ૬૧, **દક્ષિણ તરફ** : સોસાયટી રોડ આવેલ છે.

તા. ૦૫/૦૪/૨૦૨૬ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, બલેશ્વર શાખા

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda — નાના વરાછા રોડ શાખા : ૧૨૭, શ્રેયસ ડાયમંડ સેન્ટર, નાના વરાછા રોડ, સુરત–૩૯૫૦૦૬ ફોન : ૦૨૬૧–૨૫૪૭૩૭૯ Email : dbnvar@bankofbaroda.co.in

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે) [સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ)રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ–૮(૧) હેઠળ]

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા**ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ સત્તા હેઠળ આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ ડિમાન્ડ નોટીસ બજાવીને **તા.૦૯.૦૯.૨૦૨૫ ના રોજ દેવાદાર / ગીરવેદાર શ્રી રાકેશ રમેશભાઈ વસાવા (દેવાદાર) અને શ્રીમતી રોહિનીબેન રાકેશભાઈ વસાવા (સહદેવાદાર), શ્રીમતી મંજુબેન રમેશભાઈ વસાવા (સહદેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૨૨,૨૯,૯૬૯.૮૬ (રૂા. બાવીસ લાખ ઓગણત્રીસ હજાર નવસો ઓગણસીત્તેર અને છયાંશી પૈસા પુરા)** વત્તા વધારાનું વ્યાજ અને અન્ય ચાર્જીસ સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર / જામીનદાર આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ પેટા કલમ (૪) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તારીખ ૦૫મી એપ્રિલ ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને કલમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા** ની રકમ **રૂા.૨૨,૨૯,૯૬૯.૮૬** વત્તા વધારાનું વ્યાજ અને અન્ય ચાર્જીસ ને આધિન રહેશે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ હક અને સંબધ ધરાવતી મિલકત કે જે 'વેલકી ઘર' તરીકે જાણીતો પ્લોટ નં. ૬૬ માપ ૮૪.૫૯ ચો.મીટર વણવહેંચાયેલ હિસ્સા રોડ અને સીઓપી જમીનોરે.સ.નં. ૧૭૯/એ, માપ ૧૩૦૧૫ ચો.મી, સીટી સર્વે નં. એનએ/૧૭૯/એ, સીટ નં. એનએ૯૯ વોર્ડ/ ગામઃ ઓરમા, તાલુકોઃ ઓલપાડ, જી. સુરત, ખાતે આવેલ છે. જેની ચતુર્દિશાઃ **પૂર્વે** : જોડેની સોસાયટીનો આંતરીક રોડ, **પશ્ચિમેઃ** જોડેની મિલકતનો પ્લોટ નં. ૬૧, **ઉત્તરે** : જોડેની મિલકતનો પ્લોટ નં.૬૭,**દક્ષિણે** : જોડેની મિલકતનો પ્લોટ નં. ૬૫.

તા. ૦૫.૦૪.૨૦૨૬ સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, નાના વરાછા રોડ શાખા.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda — શ્રીધર સોસાયટી શાખા : ઝાડેશ્વર ચોકડી નજીક, મધુરમ પાર્ટી પ્લોટ પાસે, ભરૂચ. E mail: shreed@bankofbaroda.co.in

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)[સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ–૮(૧) હેઠળ]

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા**ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (૨૦૦૨ ની કલમ ૫૪) અને તેમને આ ધારાની કલમ ૧૩(૧૨) ના રૂલ ૩ સાથે વંચાણે લઈ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ **તા.૧૦.૦૬.૨૦૨૫ ના રોજ ડિમાન્ડ નોટીસ** બજાવીને દેવાદાર/ગીરવેદાર **શ્રી માઈકલ કેનેથ પાર્કર (દેવાદાર) અને શ્રીમતી નતાશિયા માઈકલ પાર્કર (સહ– દેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૩૩,૯૨,૮૧૭.૭૬/– (અંકે રૂપિયા તેત્રીસ લાખ બાણું હજાર આઠસો સત્તર અને છોતેર પૈસા પુરા)** + વ્યાજ અને કાનુની અને અન્ય ચાર્જીસ આ નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખ થી ૬૦ દિવસ ની અંદર ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/ગીરવેદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) ના રૂલ ૮ સાથે વંચાણે લઈ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ ૨૦૦૨ હેઠળ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તા.૦૫મી એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ** આ સંપત્તિનો **પ્રત્યક્ષ કબજો** સંભાળી લીધેલ છે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા**, ની રકમ **રૂા.૩૩,૯૨,૮૧૭.૭૬** + અન્ય ચાર્જીસ અને તેના ઉપરનુ વ્યાજ ને આધિન રહેશે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે સેફાયર લાઈફ સ્ટાઈલ ટાવર બી નો ૧લા માળ નો ફ્લેટ નં. બી–૧૧૦, માપ ૧૦૦.૯૩ ચો.મીટર, સીટી સર્વે નં. ૨૮૨૪/બી અને ૨૮૨૫ પૈકી, સીટી સર્વે વોર્ડ નં. ૧, રે.સ. નં. ૧૩/૨, ૧૩/૩, અને ૧૪, ગામ. કસક, જી. ભરૂચ, ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : ફ્લેટ નં.બી–૧૦૯, **પશ્ચિમ તરફ** : ખુલ્લી જગ્યા, **ઉત્તર તરફ** : ખુલ્લી જગ્યા, પ્રવેશ અને પેસેજ, **દક્ષિણ તરફ** : ખુલ્લી જગ્યા આવેલ છે.

તા.૦૫.૦૪.૨૦૨૬ । સ્થળ : ભરૂચ — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, શ્રીધર સોસાયટી શાખા.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda — પુણા શાખા : જી–૧૫, ૧૬ અને ૧૭, શુભ પ્લાઝા, ભૈયા નગર, પુણાગામ, સુરત–૩૯૫૦૧૦ ફોનઃ ૦૨૬૧–૨૮૫૧૯૧૧ Email ID : dbpuna@bankofbaroda.co.in

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે) [(કલમ ૧૩(૪) સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ–૮(૧) હેઠળ]

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા**ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (૨૦૦૦ ના ૫૪) અને તેમને મળેલ સત્તા હેઠળ આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૨.૦૯.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને **દેવાદારો/ ગીરવેદાર શ્રી ચકુરભાઈ તાબાભાઈ ઝીંઝાલા (દેવાદાર) અને શ્રી મનુભાઈ લખમણભાઈ બલદાનીયા (જામીનદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૦,૨૬,૬૯૪.૬૧ (અંકે રૂા. દસ લાખ છવ્વીસ હજાર છસો ચોરાણું અને એકસઠ પૈસા પુરા)** તેના પર વ્યાજ અને અન્ય ચાર્જીસઆ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારા ૧૩ ની પેટા કલમ (૪) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તારીખ ૦૫મી એપ્રિલ ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને કલમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા**ની રકમ **રૂા.૧૦,૨૬,૬૯૪.૬૧/–** વત્તા વ્યાજ અને અન્ય ચાર્જીસ ને આધિન રહેશે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે શીવ ધારેશ્વર રેસીડન્સી નો પ્લોટ નં. ૨૩૨ માપ ૪૨.૪૧ ચો.મીટર તેના ઉપર બાંધકામ કેરલ જમીન બ્લોક/પ્લોટ નં. ૧૫૪/એ, રેવન્યુ બ્લોક નં. ૧૫૪/એ, મોજે માંકણા, માંકણા – વલથાણ રોડ, સબ ડિસ્ટ્રીકટ કામરેજ, જી. સુરત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : જોડેની ખુલ્લો પ્લોટ નં. ૨૩૧, **પશ્ચિમ તરફ** : પ્રવેશ, આંતરીક રોડ અને જોડેનો ખુલ્લો પ્લોટ, **ઉત્તર તરફ** : પ્લોટ નં. ૨૩૩,**દક્ષિણ તરફ** : પ્લોટ નં. ૨૩૧.

તા. ૦૫.૦૪.૨૦૨૬ સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, પુણા શાખા.